ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, આઠમો માળ, સચિવાલય,
ગાંધીનગર -૩૮૨૦૧૦.

Email ID: so-k-edu@gujarat.gov.in

પત્ર ક્રમાંક: ED/KEF/e-file/3/2023/0277/K

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર – ૧૯,
ગાંધીનગર– ૩૮૨૦૨૧

વિષય : ખેલ સહાયક તરીકે કરાર આધારિત ફરજ બજાવતા કર્મચારીને માતૃત્વ રજા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વેના આપની કચેરીના તારીખ ૦૧/૦૬/૨૦૨૬ના પત્ર ક્રમાંક : DPE/0639/04/2026થી કરેલ દરખાસ્ત અન્વયે જણાવવાનું કે, સામાન્ય વહીવટ વિભાગના અભિપ્રાય અનુસાર "ખેલ સહાયક યોજના (પ્રાથમિક)" અંતર્ગત રાજ્યની પ્રાથમિક સરકારી પ્રાથમિક શાળાઓમાં ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા ખેલસહાયકોને વિભાગના તારીખ ૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવમાં ખેલસહાયકને માતૃત્વ રજા આપવાં અર્થે કોઈ જોગવાઈ કરવામાં આવેલ ન હોય તો પણ, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૧/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૭/૫૭૬૯૮૮/ખ.૩ (નકલ સામેલ છે) ની જોગવાઈ ક્રમાંક-૨ 'રજાઓ' હેઠળ ઠરાવેલ તમામ રજાઓના લાભ મળવાપાત્ર થાય છે. ઉક્ત અભિપ્રાય ધ્યાને લઈ આનુષંગિક કાર્યવાહી હાથ ધરવા વિનંતી છે.

આપની વિશ્વાસુ,
e-sd/-
(એ. આઈ. અછવા)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

બિડાણ: ઉપર મુજબ
નકલ રવાના જાણ અર્થે :

- સેક્શન અધિકારીશ્રી, ખ-૩ શાખા, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Validity unknown
Signed by : A I ACHHAVA
Section Officer
Education Department
Date : 2026.07.15 11:27:32 IST

File No: ED/KEF/e-file/3/2023/0277/K Primary Education-1
Approved By: Deputy Secretary,K Primary Education-1,ED
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

1/1

ક્રમાંકઃપ્રાશિનિ/ક–નીતિ/૨૦૨૬/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.12/1, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.

ખેલ સહાયકને રજા આપવા બાબતે શિક્ષણ વિભાગ દ્વારા ઉક્ત પત્રથી આપેલ સુચનાને ધ્યાને લઇ આનુષાંગિક કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.સામાન્ય વહિવટ વિભાગનો તાઃ–૧૧/૧૦/૨૦૧૭નો ઠરાવ આ સાથે સામેલ છે.

મદદનીશ નિયામક
પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી
ગુ.રા. ગાંધીનગર

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી–તમામ
- શાસનાધિકારીશ્રી–તમામ

nature Not Verified
ed by:Urmilaben Manubhai
stant Director
:2026.07.16
3:40 +5:30

File No: DPE/NITI/e-file/105/2026/2014/K-NITI
Approved By: DEPUTY DIRECTOR,K-NITI,DPE
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

૧૧ માસના કરારના આધારે નિમણૂક પામેલ
કર્મચારીઓને લાભો મંજૂર કરવા બાબત .

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક : પરચ/૧૦/૨૦૧૭/૫૭૬૯૮૮/ખ.૩
સચિવાલય, ગાંધીનગર
તા.૧૧-૧૦-૨૦૧૭

<u>આમુખ :-</u>

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ તથા ખાતાના વડા હેઠળની તાબાની કચેરીઓમાં ગ્રાન્ટ-ઇન-એઈડ સંસ્થાઓમાં, બોર્ડ-કોર્પોરેશન, નિગમની કચેરીઓમાં, સોસાયટી એક્ટ નીચે રજીસ્ટર થયેલ સંસ્થાઓમાં કોઈ પ્રોજેક્ટ/મિશન હેઠળ અથવા અન્ય કામગીરી માટે ૧૧ માસના કરાર આધારે કર્મચારીઓની નિમણૂકો કરવામાં આવેલી છે.

આ કર્મચારીઓની નિમણૂક સમયે કરારની શરતો નિયત કરવામાં આવેલ છે. છેલ્લા કેટલાક સમયથી તેઓને મળતા લાભોમાં વધારો કરવા બાબતે રાજ્ય સરકારને વિવિધ રજૂઆતો મળેલ, જે રાજ્ય સરકારની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ :</u>

રાજ્ય સરકારે કાળજીપૂર્વકની વિચારણાને અંતે ૧૧ માસના કરારના ધોરણે નિમાયેલ કર્મચારીઓ ને નીચે મુજબના લાભો આપવાનો નિર્ણય કરેલ છે.

<u>૧. મુસાફરી ભથ્થુ/દૈનિક ભથ્થુ</u>

૧૧ માસના કરારના ધોરણે નિમણૂક પામેલ કર્મચારીની તેમની સબંધિત કચેરીના વડા ધ્વારા મંજૂર કરાયેલ મુસાફરી અન્વયે નીચે મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર થશે.

| ક્રમ | માસિક ફિક્ષ પગાર | રોકાણનો સમયગાળો | મળવાપાત્ર દૈનિક ભથ્થુ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | રૂા ૨૦૦૦૦/- સુધી | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૧૦૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૧૫૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |

| | | | |
|---|---|---|---|
| | | | |
| ૨ | રૂા ૨૦૦૦૧ થી ૪૦૦૦૦/- સુધી | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૧૫૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૨૦૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |
| 3 | રૂા ૪૦૦૦૧/- થી વધુ | ૬ કલાક થી વધુ પરંતુ ૧૨ કલાકથી ઓછુ રોકાણ હોય તો | રૂ. ૨૦૦/- |
| | | ૧૨ કલાકથી વધુ રોકાણ હોય તો | રૂા. ૨૫૦/- |
| | | મુસાફરી ખર્ચ | રાજ્ય એસ.ટી. નિગમની બસનુ ભાડુ/જો રેલવે ધ્વારા પ્રવાસ હોય તો રેલ્વેના બીજા વર્ગનું ટુંકામાં ટુંકા રૂટનું ભાડુ મળવાપાત્ર થશે. |

<u>૨.</u> રજાઓ

(અ) કર્મચારીને મળવાપાત્ર પરચૂરણ રજાઓ ઉપરાંત અન્ય આકસ્મિક સંજોગો માટે વાર્ષિક ૧૧ રજાઓ વધારાની મળશે. આ રજા મંજૂર કરવા માટે સંબંધિત કચેરીના વડા સક્ષમ સત્તા ગણાશે.આ રજાના સમયગાળા દરમ્યાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે. આ રજાઓ કોઈપણ હેતુ માટે વાપરી શકાશે. જેને ખાસ રજા તરીકે ગણવાની રહેશે. આ રજાઓ આગામી વર્ષમાં કેરીફોરવર્ડ કરી શકાશે નહીં.

(બ) ૧૧ માસના કરાર આધારિત ફરજ બજાવતા મહિલા કર્મચારીઓને ૧ વર્ષ બાદના કરારના સમયગાળા પછી મહત્તમ ૯૦ દિવસની માતૃત્વની રજાઓ (Maternity Leave) મળવાપાત્ર થશે. આ રજાઓ ૨ (બે) બાળકો પુરતી મર્યાદિત રહેશે. આ રજાઓ દરમ્યાન નિયમોનુસાર પગાર મળવાપાત્ર થશે. ૧ વર્ષના સમયગાળાની સેવાઓ પહેલા મેળવવામાં આવેલ માતૃત્વની રજાઓ બિનપગારી ગણવાની રહેશે. આ રજાઓ મંજૂર કરવા માટે કચેરીના વડા સક્ષમ સત્તા ગણાશે.

<u>૩.</u> અકસ્માત/કુદરતી મૃત્યુના કિસ્સામાં સહાય

૧૧ માસના કરાર આધારે ફરજ બજાવતા કર્મચારીનું ચાલુ નોકરી દરમ્યાન અકસ્માત /કુદરતી મૃત્યુ થાય તેવા કિસ્સામાં તેમના કુટુંબને (સીધી લીટીના કાયદેસરના વારસદારને) રૂા. ૨(બે) લાખ ની મૃત્યુ સહાય મળવા પાત્ર થશે.

૪. ૧૧ માસના કરારના ધોરણે ફરજ બજાવતા કર્મચારીઓના કિસ્સામાં (૧) જો કર્મચારી ધ્વારા કોઇ ગેરરીતિ/ગેરવર્તણૂંક થયેલ ન હોય (૨) નાણાકીય ઉચાપતના આક્ષેપો ન હોય (૩) જે યોજનામાં કામ કરતા હોય તે યોજના બંધ થતી ન હોય (૪) કર્મચારીએ સ્વૈચ્છિક રાજીનામુ; આપેલ ન હોય તો તેવા કર્મચારીના કિસ્સામાં ૧૧ માસના કરારનો સમય પૂર્ણ થાય ત્યારબાદ નિમણૂંકની મુદત લંબાવવા પાત્ર જણાય તેવા તમામ કિસ્સાઓમાં નિમણૂંક લંબાવવાના હુકમો વધુમાં વધુ ૧૫ દિવસની સમયમર્યાદામાં અચૂક પણે થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

૫. આઉટસોર્સથી નિમણૂંક પામેલ કર્મચારીઓના કિસ્સામાં ઉકત લાભો મળવાપાત્ર થશે નહીં

૬. આ અંગેનો ખર્ચ જે તે યોજના અંતર્ગત સબંધિત વિભાગની બજેટની મર્યાદામાં કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૦/૧૦/૧૭ની નોંધ તથા સરકારશ્રીની મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે. આ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી અમલમાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.એચ.મનસુરી)
નાયબ સચિવ (મહેકમ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના :

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ , અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.